# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-11-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-કેબિનેટ બેઠક:

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યભરમાં ટેકાના ભાવે ચાલી રહેલી ખરીદી અને રાહત સહાય, ખાતરની અછત, રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ અને નીતિગત વિષય તથા એકતા યાત્રાના કાર્યક્રમ અંગે સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત રાજ્ય સરકારની આગામી ચિંતન શિબિર, અમદાવાદમાં સંભવિત રાષ્ટ્રમંડળ રમતની જાહેરાત અંગે ઔપચારિક ચર્ચા કરવામાં આવી હતી.

**---------------------------------------------------------------------------------------------------**

## ગાંધીનગર- ક્રાઈમ કોન્ફરન્સ :

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં ક્રાઈમ કૉન્ફરન્સ યોજાઈ ગઈ. ગુજરાત પોલીસ અકાદમી ખાતે યોજાયેલી આ પરિષદમાં તમામ જિલ્લા, શહેર અને એકમના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી.

**---------------------------------------------------------------------------------------------------**

## ભુજ-સ્થાપના દિવસ:

આજે ભુજ શહેરના 478માં સ્થાપના દિવસની પરંપરાગત ઉજવણી કરવામાં આવી રહી છે. આ નિમિત્તે પ્રાગ મહેલમાં વર્ષો જૂની ખીલી પૂજનની વિધિ કરવામાં આવી હતી અને કેક

કાપીને શહેરનો જન્મદિવસ ઉજવાયો હતો. આ ઉજવણીમાં સાંસદ, ભુજના ધારાસભ્ય અને રાજવી પરિવારના સભ્યો પણ જોડાયા હતા.

કચ્છના પાટનગર ગણાતા ભુજ શહેરની સ્થાપના માગસર સુદ પાંચમ, સંવત 1605માં મહારાજા રાવ ખેંગારજી પહેલાએ કરી હતી. તેમણે દરબારગઢમાં ખીલી ખોડીને ભુજ શહેરનો પાયો નાખ્યો હતો.

ભુજની સ્થાપના સાથે જોડાયેલી ખીલી પૂજનની પરંપરા આજે પણ યથાવત છે. રાજવી સમયમાં કચ્છના મહારાજાના હસ્તે આ વિધિ થતી હતી.

ભુજ શહેર તેના સમૃદ્ધ ઇતિહાસ અને સ્થાપત્ય માટે જાણીતું છે. દરબારગઢ, આયના મહેલ, પ્રાગ મહેલ, રાણીમહેલ, ફતેહમામદ ખોરડો, હમીરસર તળાવ અને જૂના રાજાશાહી સમયના નાકા જેવા ઐતિહાસિક સ્થળો શહેરના ભવ્ય ભૂતકાળનો પરિચય કરાવે છે.

સ્થાપનાથી અત્યાર સુધીમાં ભુજે અનેક કુદરતી આફતોનો સામનો કર્યો છે, જેમાં 2001નો ભૂકંપ મુખ્ય છે. જોકે, ભૂકંપ બાદ ભુજે વિકાસની હરણફાળ ભરી છે અને આજે તે એક મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળ તરીકે પણ ઓળખાય છે.

---

## દયાપર-નવનિર્મિત તાલુકા મામલતદાર કચેરી કાર્યરત:

લખપત તાલુકાના મુખ્ય મથક દયાપરમાં નવનિર્મિત તાલુકા મામલતદાર કચેરી સત્તાવાર રીતે કાર્યરત થઈ ગઈ છે. 5.17 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ અધ્યતન બિલ્ડિંગનું ગત 3જી તારીખે મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક કક્ષાએ અબડાસા વિસ્તારના ધારાસભ્ય અને નારાયણ સરોવર જાગીરના ગાદીપતિના હસ્તે વિધિવત ઉદ્ઘાટન કરાયું હતું.

વર્ષ 2001ના વિનાશકારી ભૂકંપમાં જૂની ઇમારત જર્જરિત બન્યા બાદ લાંબા સમયથી નવી કચેરીની જરૂરિયાત હતી.

---

## એનસીસી કેડેટ્સ:

સાહસિકતા, સતર્કતા, શિસ્ત અને નેતૃત્વના ગુણો વિકસાવવાના ભાગરૂપે જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સ અંતર્ગતના આર્મી તથા નેવી એનસીસી કેડેટ્સ દ્વારા સૌપ્રથમ વખત આગ્રા ખાતેના આર્મી પેરા ટ્રેનિંગ સ્કૂલમાં પેરાશેઇલિંગની તાલીમ આપવામાં આવી હતી.

પેરાજમ્પિંગમાં AN 32 હવાઈ જહાજ દ્વારા 1500 ફૂટની ઊંચાઈએથી કૂદવાની આ તાલીમમાં ભુજના 36 એનસીસી બટાલિયન અને ૫ નેવલ યુનિટ તથા ગાંધીધામનાં ૬ નેવલ યુનિટના કેડેટસ ૪ નવેમ્બર થી ૨૪ નવેમ્બર સુધી તાલીમ મેળવી હતી.

---------------------------------------------------------------------------------------------------

## ભોજાય સર્વોદય ટ્રસ્ટ:

ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા 35માં મેગા તબીબી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.ટ્રસ્ટ દ્વારા દર વર્ષે નવેમ્બર-ડિસેમ્બર મહિના દરમ્યાન 12 વિવિધ મેડીકલ ફકલ્ટીઓ આવરી લેતા મેગા મેડીકલ કેમ્પ યોજે છે.આ મેગા મેડીકલ કેમ્પમાં આંખની 78,કાન-નાક,ગળાની 11 શસ્ત્રક્રિયા કરાઈ હતી.આ કેમ્પમાં દર્દીઓને તપાસ,નિદાન દવાઓ,સારવાર,ઓપરેશનની સેવાઓ નિ:શુલ્ક આપવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------------

## વિમાની સેવાઓના સમયમાં ફેરફાર:

ભુજ એરપોર્ટસના રનવેના સમારકામને લઈને એર ઈન્ડીયાની બપોર બાદની તમામ વિમાની સેવાઓના સમયમાં ફેરફાર કરી સવારના ભાગે કરી દેવાયા છે. 26 નવેમ્બર થી 3 ડીસેમ્બર સુધીનું વિવિધ વિમાની સેવાઓનું નવુ ટાઈમ ટેબલ જાહેર કરાયુ છે.

---------------------------------------------------------------------------------------------------

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128-મી કડી હશે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને મંતવ્ય ટૉલફ્રી નંબર 1800-11-7800 પર મોકલી શકશે. તેઓ નરેન્દ્ર મોદી ઍપ અથવા MYGOV ઑપન ફોરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે. આ ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને ટૂંકી સંદેશ સેવા – SMSના માધ્યમથી પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકશે. મંતવ્ય સ્વીકારવાનો છેલ્લો દિવસ 28 નવેમ્બર રહેશે.

---

## હવામાન:

જીલ્લામાં ઠંડીનું પ્રમાણ યથાવત રહ્યું છે. નલિયા સતત દસમા દિવસે રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યું છે. આજે નલિયાનું લઘુતમ તાપમાન 11 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

દરમ્યાન, જાણકારોના જણાવ્યા મુજબ, જો આગામી દિવસોમાં પવનોની દિશા સ્થિર થશે, તો ઠંડીના પ્રમાણમાં વધારો નોંધાઈ શકે છે. હવામાન વિભાગે ડિસેમ્બર મહિનામાં કડકડતી ઠંડી પડવાની આગાહી કરી છે. જિલ્લામાં હાલ અમુક સ્થળે સવાર સાંજ ઠંડી વચ્ચે બપોરના સમયે ગરમીનો અહેસાસ પણ થઈ રહ્યો છે.

---